**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા**
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૪/૩૯-૫૧ તા.03/07/૨૦૨૪

**પરિપત્ર:-** ૩૪૨૬
વિષય-શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આંતરિક કોલેજ ટ્રાન્સફર મેળવવા બાબત.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ટ્રાન્સફર મેળવવા બાબતે સ્નાતક કક્ષાના સેમેસ્ટર-૫ માં કોલેજ ટ્રાન્સફર મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ નીચેની સૂચનાઓને આધીન સંબંધિત કોલેજ ખાતે ઓનલાઈન માધ્યમથી અરજી કરવાની રહેશે. ઓનલાઈન નિયત કરેલ ફી ઓનલાઈન માધ્યમથી ભરવાની રહેશે. જેની લીંક- http://sggu.gipl.in/CollegeTransferApplicationForm.aspx મુજબ છે. સેમેસ્ટર-૩માં ટ્રાન્સફર મેળવવા માટે ઓફલાઈન અરજીઓ કરવાની રહેશે.

**વિદ્યાર્થીઓ માટે સૂચનાઓ:-**

(૧) કોલેજમાં સબંધિત વિષય ચલાવવામાં આવતા હોય તોજ ટ્રાન્સફર અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે.
(૨) કોલેજ ટ્રાન્સફર માટે સેમેસ્ટર-૫ના વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ સાથે કોલેજ ટ્રાન્સફર સર્ટીફીકેટ(T.C) અને અંતિમ માર્કશીટની નકલ જોડવાની રહેશે. સેમેસ્ટર-૩માં ટ્રાન્સફર મેળવવા માટે વિદ્યાર્થીએ બંને કોલેજોના ટ્રાન્સફર સર્ટીફીકેટ(T.C) અને અંતિમ માર્કશીટની નકલ અરજી સાથે મોકલી આપવાની રહેશે.
(3) કોલેજ ટ્રાન્સફર મેળવવા માટે વિદ્યાર્થીઓએ તા.૧૭/૦૭/૨૦૨૪ સુધીમાં જે તે કોલેજ ખાતે અરજી કરવાની રહેશે.

**કોલેજ માટે સૂચનાઓ:-**

(૧) સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૨ અને ૪માં ઉતીર્ણ ન થયેલ વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૩ અને ૫માં ટ્રાન્સફર આપી શકાશે જેની તમામ કોલેજ/સંસ્થા અને વિદ્યાર્થીઓએ નોંધ લેવી.
(૨) કોલેજ/સંસ્થાએ વિદ્યાર્થીના માન્ય કારણને સંબંધિત અરજીને ધ્યાને લઈ ટ્રાન્સફર સર્ટીફીકેટ આપવાનું રહેશે.
(3) કોલેજ ટ્રાન્સફર માટે કોલેજે વિદ્યાર્થી પાસેથી કોઈપણ પ્રકારની ફી વસુલવાની રહેશે નહિ.
(૪) દરેક કોલેજ/સંસ્થાએ જે તે વર્ષની ઈન્ટેક કેપેસીટીની મર્યાદામાં સરકારશ્રી/યુનિવર્સિટીના ધારાધોરણ/નિયમોને આધીન ટ્રાન્સફર આપવાનું રહેશે. ઈન્ટેક કેપેસીટીથી વધુ ટ્રાન્સફર માન્ય રાખવામાં આવશે નહિ. જેની તમામ અંગત જવાબદારી જે તે કોલેજ/સંસ્થાના વડાશ્રીની રહેશે.
(૫) ટ્રાન્સફર અંગેની અરજી વિદ્યાર્થીઓ સાથે મોકલવાની રહેશે નહિ. વિદ્યાર્થીની ઓરીજનલ એન.ઓ.સી. (બંને કોલેજ) અને ઓનલાઈન ભરેલ ફોર્મની કોપી યુનિવર્સિટી ખાતે મોકલી આપવાની રહેશે.
(૬) કોલેજ દ્વારા તા.૧૭/૦૭/૨૦૨૪ સુધીમાં યુનિવર્સિટી ઓનલાઈન પોર્ટલ પર સેમેસ્ટર-૫ની અરજીઓ વેરીફાઈ કરવાની રહેશે. તા.૧૭/૦૭/૨૦૨૪ પછી આવેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.
(૭) કોલેજ પોર્ટલ પર આવેલ તમામ અરજીઓ તા.૧૯/૦૭/૨૦૨૪ સુધીમાં નિયત પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે મોકલી આપવાની રહેશે.
(૮) સેમેસ્ટર-૩માં ટ્રાન્સફર આપવાની તમામ કામગીરી ઓફલાઈન કરવાની રહેશે. જેની સઘળી માહિતી અરજીઓ સાથે નિયત પત્રકમાં તથા સોફ્ટકોપી ઈમેલ આઈ.ડી- cs@sggu.ac.in પર મોકલી આપવાની રહેશે.

કુલસચિવ
REGISTRAR
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
Shri Govind Guru University
ગોધરા
Vinjol, Godhra - Gujarat

# APPLICATION FORM FOR COLLEGE TRANSFER

**(To be Print On College Letter Head)**

Date :

College Name : ____________________________________________College Code :___________________

Sub : Student Transfer from College to College (CBCS Only )

| Sr. No | Name of Students | SPID | Enrollment No. | Course & Semester | Old college Name |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

I confirm that intake capacity after transfer of the student is according to sanction given by affiliation section of the University.

Note : Attach the following certificates :

- ❖ No objection certificate (NOC) of both colleges (Original Copy)
- ❖ A copy of transfer certificate (Original Copy )

નોંધ: જે કોલેજમાં ટ્રાન્સફર લેવું હોય તે કોલેજમા તે વિષય ચાલતો હોય તો જ ટ્રાન્સફર કરવામાં આવશે , અન્યથા જે તે કોલેજના આચાર્યશ્રીની જવાબદારી રહેશે.

Date : College Principal sign & Stamp

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા  સ્થાપિત)


## કોલેજ ટ્રાન્સફર અરજી ફોર્મ (કોલેજના લેટરહેડ ઉપર છાપવું)

તારીખ :

કોલેજનું નામ: ___________________________________________કોલેજ કોડ: ____________.

વિષય: વિદ્યાર્થી આંતરિક કોલેજ ટ્રાન્સફર (CBCS માત્ર)

| ક્રમ | વિદ્યાર્થી નુ નામ | SPID | એનરોલમેન્ટ નં | અભ્યાસક્રમ અને સેમેસ્ટર | જૂની કોલેજનું નામ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

હું પુષ્ટિ કરું છું કે વિદ્યાર્થીના સ્થાનાંતરણ પછી ઇન્ટેક ક્ષમતા યુનિવર્સિટીના જોડાણ વિભાગ દ્વારા આપવામાં આવેલી મંજૂરી અનુસાર છે.

નોંધ: નીચેના પ્રમાણપત્રો જોડો:

- બંને કોલેજોનું નાવાંધા પ્રમાણપત્ર (એનઓસી) (મૂળ નકલ)
- ટ્રાન્સફર સર્ટિફિકેટની એક નકલ (મૂળ નકલ)

**નોંધ: જે કોલેજમાં ટ્રાન્સફર લેવું હોય તે કોલેજમા તે વિષય ચાલતો હોય તો જ ટ્રાન્સફર કરવામાં આવશે,અન્યથા જે તે કોલેજના આચાર્યશ્રીની જવાબદારી રહેશે.**

તારીખ :

કોલેજના આચાર્યશ્રીના સહી સિક્કા